| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૦૯/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૦૭ |

**નડીઆદના મે. પાંચમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ**
**એમ.એમ.ગાંધી સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નડીઆદ.**

**ફોજદારી કેસ નં.૨૬૬૧/૨૦૨૫**
**આંક– ૨૪**

**ઈલેશકુમાર હસમુખભાઈ સોલંકી,**
રહે.૨૨, શ્રીરંગ સોસાયટી, પીજ રોડ,
નડિયાદ. **::::: ફરિયાદી**

**વિરૂધ્ધ**

**જગદિશભાઈ ભાઈલાલભાઈ રાણા,**
રહે.સલુણ બજાર, રાણાચોક,
ગોલવાડ, ખોડિયાર માતાના મંદિર પાછળ,
નડિયાદ. **::::: આરોપી**

ગુનો :– નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ

| | |
|---|---|
| ફરિયાદી તરફે | વિ.વ.શ્રી વાય.પી.હીરાગર |
| આરોપી તરફે | વિ.વ.શ્રી આર.કે.રાણા |

**// ચુકાદો //**

**૧..** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી તથા

આરોપી ઉપરોક્ત સરનામે રહે છે. આ કામના આરોપીને અંગત નાણાની જરૂરિયાત હોય ફરિયાદી પાસે નાણાની માંગણી કરતા તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/- રોકડા તથા તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ રૂા.૮૦,૦૦૦/- રોકડા આપેલા આમ કુલ મળી રૂા.૧,૮૦,૦૦૦/- આપેલા જે રકમ આરોપીએ ૧૨ માસમાં પરત આપવાનો વાયદો કરેલ તથા નાણા લેતી વખતે ફરિયાદીને એક ચિઠ્ઠી તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ લખી આપેલ. જે સમય પુરો થતા નાણા ન ચુકવતા રકમની ઉઘરાણી કરતા તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ બેન્ક ઓફ બરોડા, દેસાઇ વગો, નડિયાદ શાખાનો ચેક નં.૦૦૦૦૧૫ પોતાની સહી કરી આપેલો તથા જણાવેલ કે સદર ચેક તમારા ખાતામાં જમા કરાવતા તમારા કાયદેસરના નાણા મળી જશે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલો. જે ચેક ફરિયાદીએ તેઓના ખાતાવાળી બેન્ક, બેન્ક ઓફ બરોડા, દેસાઇ વગો, નડિયાદ શાખામાં તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ જમા કરાવતા સદર ચેક તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ ઇનસફિશિયન્ટ ફંડસ ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલ જેથી તેઓને ચેકના નાણા મળી શકેલા નહી. ત્યારબાદ ફરિયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ લીગલ નોટીસ આર.પી.એ.ડી.થી આપેલ જે નોટીસ આરોપીને તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ બજી ગયેલ હોવાછતાં આરોપીએ કોઇ જવાબ આપેલ નથી કે ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવેલ નથી. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાની હાલની ફરિયાદ કરેલ છે.

**૨..** સદર કામે ઉપરોકત વિગતોવાળી ફરિયાદ દાખલ થતાં ફરિયાદીનું સોગંદ ઉપરનું વેરીફીકેશન નોંધી આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૭ (ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૪) હેઠળ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના

સબબ સમન્સ કાઢવામાં આવેલો. જે સમન્સ આરોપીને બજી જતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ફરિયાદ તથા જરૂરી દસ્તાવેજોની નકલો આરોપી આરોપીની આંક-૧૨ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩.. ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે :

**:: ફરિયાદી તરફે મૌખિક પુરાવો ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી ઇલેશકુમાર હસમુખભાઇ સોલંકીનાઓનું સરતપાસનું સોગંદનામુ. | ૪ |

**:: ફરિયાદી તરફે દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ વચનચિઠ્ઠી | ૬ |
| ૨ | અસલ ચેક (નં.૦૦૦૦૧૫) | ૭ |
| ૩ | રીટર્ન મેમો | ૮ |
| ૪ | અસલ નોટીસ | ૯ |
| ૫ | પોસ્ટ ખાતાની વિન્ડો પાવતી તથા ટ્રેક રિપોર્ટ | ૧૦ |

૪.. આમ, ફરિયાદપક્ષ તરફેનો પુરાવો પુરો થયા બાદ વધુ પુરાવો રજૂ કરવો ન હોય આંક-૨૫ થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરતા ફરિયાદપક્ષનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ જેમાં આરોપીએ તેઓ વિરૂધ્ધની હકીકતોનો ઇન્કાર કરેલ છે, સોગંદ ઉપર જુબાની તથા બચાવમાં કોઇ સાહેદ/સાહેદો તપાસવાનું જણાવેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, તેઓ વિરૂધ્ધ ખોટી ફરિયાદ દાખલ

કરેલ છે.

**૫..** ત્યારબાદ ફરિયાદીના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ જે ધ્યાને લીધ તેમજ આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીએ આંક–૨૩ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જે માનસહ વંચાણે લીધી.

**૬..** ત્યારબાદ સદર કામે ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

**:: મુદ્દા ::**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની બાકી લ્હેણી નીકળતી રકમની ચુકવણી પેટે બેન્ક ઓફ બરોડા, દેસાઇ વગો, નડિયાદ શાખાનો ચેક નં.૦૦૦૦૧૫, રૂા.૧,૮૦,૦૦૦/– નો તા.૨૪/૦૪/૨૦૨૫ નો આપેલ જે ફરિયાદીએ તેઓની ખાતાવાળી બેન્કમાં જમા કરાવતા તે ચેક ''ફંડ ઈનસફિશિયન્ટ'' હોવાના કારણે સ્વીકારાયા વિના તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા સાથે પરત ફરતા ફરિયાદીએ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ આપેલી, જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાછતાં આરોપીએ દિન–૧૫માં ચેકની રકમ ફરિયાદીને પરત આપેલ ન હોઇ આરોપીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૭..** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે નિર્ણય નીચે મુજબ છે :

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>:: કારણો ::</u>**

૮.. **<u>મુદ્દા નં.૧ :–</u>**

આરોપી સામેના આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ તેમજ તેમાં જણાવેલ આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. તેમજ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ એટલા માટે લાવવામાં આવ્યો હતો કે જેથી જવાબદારીઓની પતાવટમાં ચેકોની સ્વીકાર્યતામાં વધારો કરી શકાય. આ ઉપરાંત **Dalmia Cement (Bharat) Ltd. v. Galaxy Traders and Agencies Ltd. and Ors., AIR 2001 SC 676** ના કેસમાં કલમ–૧૩૮ અધિનિયમની આ જોગવાઈનો ઉદ્દેશ સારી રીતે દર્શાવવામાં આવ્યો છે. જેમાં નામદાર કોર્ટે ઠરાવ્યું છે કે**, the object of the provision is to ensure both the credibility of cheque as negotiable instrument for use in commercial transaction as well as to ensure the commercial and mercantile activities are carried in a smooth and healthy manner.** વધુમાં નામદાર કોર્ટે ***Sanjay Mishra v. Ms. Kanishka Kapoor @ Nikki and Anr.,*** **2009 CRI.L.J. 3777,** ના કેસમાં ઠરાવ્યું છે કે, <u>the laws relating to the said Act are required to be interpreted in the light of the object intended to be achieved by it despite there being deviation from general law.</u>

**<u>ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ :–</u>**

ખાતામાં અપુરતા ફંડ વગેરેના કારણે ચેકનો અસ્વિકાર થવા બાબત.

''સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરોન ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી

છે અથવા તો બેન્ક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે. ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઇ અન્ય જોગવાઈઓનો બાધ ના આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઇ કરવામાં આવી છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે,

એ) જયાંસુધી ચેક, લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

બી) જયાંસુધી તે ચેકનો પેઇ અથવા યતાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહીં અને

સી) જયાંસુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઇને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહીં ત્યાંસુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહી.

**આવશ્યક તત્વો :**

૧. આરોપી પોતાના ખાતામાં ફરિયાદીને નાણાની રકમ ચુકવવા ચેક લખેલ.

૨. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ મહિનાની મુદ્દતની અંદર બેન્કમાં રજૂ કરવામાં આવ્યો હતો.

૪. ચેક આરોપીના ખાતામાં જમા કરતા અપુરતા ફંડના કારણે પરત થયેલ.

૫. ચેક પરત થયાની બેન્કમાંથી માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨(બી) ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :

**ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨(બી) :**

''કલમ–૧૩૮ ના ખંડ(સી) હેઠળ ઉપસ્થિત થતા દાવાના કારણથી એક માસમાં આવી ફરિયાદ કરવામાં આવી હોય.''

**કાયદાની પૂર્વધારણાઓ :**

વધુમાં ફરિયાદીની તરફેણમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. જે ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબતની કલમ છે. જેથી કલમ–૧૧૮(એ) નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ વિશે એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાંસુધી એવું માની લેવામાં આવશે કે, દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતુ અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યુ હતુ. તેમજ કલમ–૧૩૯ મુજબ તે ધારકની તરફેણમાં અનુમાન વિરૂધ્ધનું સાબિત થાય, તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

વધુમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરિયાદીની તરફેણમાં કરવાનું હોય છે. તે એબ્સોલ્યુટ નથી અને રીબર્ટ કરી શકાય અને તેનો રીબર્ટ

કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ−૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજૂ કરવાનો હોય છે. જેમાં આરોપીની ઉલટતપાસ દરમિયાન કે બી.એન.એસ.એસ.ની કલમ−૩૫૧ (ક્રિ.પ્રો.કોડની કલમ−૩૧૩) અન્વયે આરોપીના વિશેષ નિવેદનમાં જો કોઈ યોગ્ય બચાવ લેતા હોય અને તેથી ફરિયાદીની ફરિયાદ હકીકત ઉપર શંકા ઉપસ્થિત થતી હોય તો તે શંકાનો નિકાલ કરવાનો બોજો ફરિયાદી ઉપર હોય છે અને આરોપીને તે બાબતે કોઈ વિશેષ પુરાવો રજૂ કરવાની આવશ્યકતા રહેતી નથી.

ઉપરોક્ત કલમના આધારે અને જોગવાઈઓને નજર સમક્ષ રાખીને આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે :

૯.. **ફરિયાદી તરફે પુરાવો :**

આ કામે ફરિયાદપક્ષે પોતાની ફરિયાદની હકીકતો પુરવાર કરવા માટે આંક−૪ થી ફરિયાદીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટમાં ધ્યાનમાં લેતાં તેઓએ આંક−૧ ની ફરિયાદમાં જણાવ્યા મુજબના જ કથનો કરેલ છે. જેથી આંક−૪ વાળા સોગંદનામાનું અત્રે પુનરાવર્તન કરેલ નથી. જ્યારે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, ફાયનાન્સનું લાયસન્સ ધરાવે છે, તેઓ ફાયનાન્સનું લાયસન્સ ધરાવતા હોઈ ઈન્કમટેક્ષ ભરે છે. સને− ૨૦૨૨−૨૩ માં હાથઉછીના કેટલા રૂપિયાનું ધિરાણ કરેલ તે તેઓને યાદ નથી. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આ હાથઉછીના નાણાનો વ્યવહાર ઓળખાણના લીધેલો કરેલો. આ હાથઉછીના નાણાનો વ્યવહારની એન્ટ્રી ચોપડામાં કરેલી કે કેમ તે તેઓ રેકર્ડ જોઈને કહી શકેલ હોવાનું જણાવેલ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ હાથઉછીના નાણા અંગેનો વ્યવહારની નોંધ ચોપડામાં

કરેલી અને તે રકમ ઇન્કમટેક્ષ રીટર્નમાં બતાવેલી. હાથઉછીના વ્યવહારમાં લેનાર વ્યક્તિને સમય પર આધાર હોય તેમ એટલે કે રોકડા હોય તો રોકડા આપે નહીતર ચેક આપે તેમ જણાવેલ છે ત્યારબાદ જણાવેલ છે કે, રોકડા આપેલા. તેઓ એ હકીકતનો ઇન્કાર કરે છે કે, તેઓને ત્યાં કોઇ નાણા લેવા આવે તેને તેઓ ઓળખે તો એને નાણા આપે. આ કામના તહોમતદાર જગદીશભાઇને તેઓ મિત્રતાને લીધે ઓળખે. તેઓને જગદીશભાઇ સાથે ૧૦–૧૨ વર્ષની મિત્રતા છે. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, તેઓની ફરિયાદ, નોટીસ કે એફીડેવીટમાં જગદીશભાઇને દસ–બાર વર્ષથી ઓળખે છે તેવી હકીકત લખેલી નથી. તેઓની ફરિયાદ, નોટીસ કે એફીડેવીટમાં ૨૦૨૨માં ક્યારે નાણા લેવા આવેલા તે સમય જણાવેલ નથી પરંતુ તારીખ જણાવેલી છે. તેઓ એ હકીકતનો ઇન્કાર કરે છે કે, તેઓની ફરિયાદ, નોટીસ કે એફીડેવીટમાં આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– અને રૂા.૮૦,૦૦૦/– ક્યારે આપેલા તે જણાવેલ નથી. તેમજ કોની રૂબરૂ આપેલા તે પણ જણાવેલ નથી. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/– રોકડા આપેલા ત્યારે આરોપી પાસેથી તેનું વાઉચર કે લખાણ લીધેલુ નહી. તેઓ એ હકીકતનો ઇન્કાર કરે છે કે, તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ રૂા.૮૦,૦૦૦/– આપેલા ત્યારે આરોપી પાસેથી કોઇ વાઉચર કે લખાણ લીધેલ નહી. આવી હકીકત તેઓની ફરિયાદ કે નોટીસ કે પુરાવાના સોગંદનામામાં લખેલ નથી. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– અને રૂા.૮૦,૦૦૦/– ક્યાંથી લઇને આપેલા તે તેઓની ફરિયાદ, નોટીસ કે પુરાવાના સોગંદનામામાં લખેલ નથી, વચનચિઠ્ઠી તેઓએ લખેલી અને આરોપીએ તે વાંચીને સહી કરેલી. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, તેઓની પાસે આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– અને રૂા.૮૦,૦૦૦/– આપેલા તે અંગેના અલગથી વાઉચર નથી, રકમ આપતી વખતે તેઓએ આરોપી પાસેથી કોઇ ફોર્મ ભરાવેલુ નહી. તેઓ એ હકીકતનો

ઈન્કાર કરે છે કે, આરોપીએ તેઓની પાસેથી ફક્ત રૂ.૩૦,૦૦૦/- ની લોન લીધેલી અને તે વખતે સહી કરેલો ચેક આપેલો. તેઓને આંક-૭ બતાવતા જણાવે છે કે, તેમાં સહી અને બાકીના હસ્તાક્ષરો અલગ અલગ છે.

**૧૦.. <u>આરોપી તરફે પુરાવો :</u>**

આરોપી તરફે સદર કામમાં કોઈ પુરાવો રજૂ કરેલ નથી.

**૧૧.. <u>પુરાવાનું વિશ્લેષણ :</u>**

૧૧.૧ હાલની દાખલ કરવામાં આવેલ ફરિયાદ અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળે દાખલ કરવામાં આવેલ ફોજદારી ફરિયાદ છે. ભારતીય ન્યાયતંત્ર ધ્વારા અપનાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય અને પ્રથમ સિધ્ધાંત છે કે આરોપીનો ગુનો જયાંસુધી સાબિત ન થાય ત્યાંસુધી તે નિર્દોષ છે તેવું અનુમાન લાગુ પડે છે અને ત્યાંસુધી આરોપી નિર્દોષ માનવો જોઈશે. આ જ સિધ્ધાંત આધારે ફોજદારી ગુનાની ટ્રાયલ શરૂ થાય છે અને ફરિયાદીએ પોતે પુરાવો રજૂ કરીને આરોપી ગુનેગાર છે તે સાબિત કરવાની સફર શરૂ થાય છે. ફરિયાદપક્ષ ઉપર આરોપીનો ગુનો વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો સંપૂર્ણ બોજો રહેલ છે. આ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય સિધ્ધાંત છે અને આરોપીને ભારતીય બંધારણથી પણ આ બાબતે રક્ષણ આપવામાં આવેલ છે. તેને કોઈ રીતે રદ્દ કરી શકાય નહી. તેથી હાલના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો તથા આરોપીના બંધારણીય અધિકારનો સમન્વય કરી કેસની ચર્ચા આગળ ચલાવવમાં આવશે.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના A. Shanmugam vs. Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nanheld dhavana Paripalanai Sangam rep. by its President, reported in

(2012) 6 SCC 430 ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "the entire journey of a judge is to discern the truth from the pleadings, documents and arguments of the parties. Truth is the basis of justice delivery system. This Court in Dalip Singh v. State of U.P. and Others (2010) 2 SCC 114 observed that truth constitutes an integral part of the justice delivery system which was in vogue in pre- independence era and the people used to feel proud to tell truth in the courts irrespective of the consequences. However, post independence period has seen drastic changes in our value system." તેથી અદાલતની એ ફરજ છે કે કેસમાં સત્ય શોધ કરવાની તરફથી સફર ક્રિમિનલ જ્યુરિસપ્રુડન્સના સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને સત્ય શોધની સફર આગળ વધારવી યોગ્ય જણાઈ છે.

૧૧.૨ હાલના કામે ફરિયાદીએ જે પુરાવા રજૂ કરેલ છે, તે સંદર્ભે આ કામે ચેકની તારીખ, ચેક પરત ફર્યા તથા તે અંગેની નોટીસ આરોપીને આપવામાં આવેલ તથા હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ તે સમય મર્યાદામાં કરવામાં આવેલ છે કે કેમ ? તે બાબત અંગે નીચે મુજબ ચાર્જ તૈયાર કરવામાં આવેલ છે.

| ક્રમ | કલમ | કાયદો | પૂર્તતા |
|---|---|---|---|
| ૧ | ૧૩૮(એ) | જ્યાંસુધી ચેક, લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય. | ચેક તા.૨૪/૦૪/૨૫ ના રોજ લખવામાં આવેલ છે અને તે બેન્કમાં તા.૨૪/૦૪ /૨૫ ના રોજ જમા કરાવવામાં આવેલ છે. આમ, સમય મર્યાદામાં ચેક બેન્કમાં રજૂ કરવામાં આવેલ છે. |
| ૨ | ૧૩૮(બી) | જ્યાંસુધી તે ચેકનો પેઇ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક | ચેક તા.૨૫/૦૪/૨૫ ના રોજ પરત આવેલ છે અને તે અંગેની નોટીસ |

| | | | |
|---|---|---|---|
| | | વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી. | તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. આમ, સમય મર્યાદામાં નોટીસ આપવામાં આવેલ છે. |
| **૩** | ૧૩૮(સી) | જ્યાંસુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઇને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ ઉપરોક્ત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહીં ત્યાંસુધી કલમમાનું કશું જ લાગુ પડશે નહી. | નોટીસ આરોપીને તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ મળ્યા પછી આરોપીએ રકમ ચુકવેલ નથી. |
| **૪** | ૧૩૮(ડી) | કલમ-૧૩૮ ના પરંતુકના ખંડ(સી) હેઠળ ઉપસ્થિત થતા દાવાના કારણથી એક માસમાં આવી ફરિયાદ કરવામાં આવી હોય. | તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ બજી ગયેલ છે. ત્યારબાદ હાલની ફરિયાદ તા.૨/૬/૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. |

આમ, ફરિયાદપક્ષે રજૂ કરેલ ચેક, ચેક રીટર્ન થયાનો મેમો, નોટીસ અને આરોપીને નોટીસ બજેલ તેનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદીએ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ કાયદેસરનું લેણાનો તકરારી ચેક સમયમર્યાદામાં બેન્કમાં કલીયરન્સ માટે આપવામાં આવેલ તેમજ ફરિયાદ નિયત સમયમર્યાદામાં કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઇ આવે છે.

૧૧.૩ વધુમાં હાથ ઉપરનો કેસ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળનો છે,

ફરિયાદપક્ષે સૌપ્રથમ અને મહત્વની રજૂઆત એ કાયદામાં ફરિયાદીની તરફેણમાં આપવામાં આવેલા અનુમાનો બાબતની છે. તેઓની રજૂઆત છે કે જ્યારે ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાનો હોય ત્યારે તેને રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર જાય છે અને આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવાની છે. આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Indian Bank Association Versus Union of India decided on Dt.21-4-2014 reported in AIR 2014 SC 2528** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જ્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ તળેની ફરિયાદ દાખલ થાય ત્યારે ફરિયાદીની અને તેના સાહેદોની જુબાની સોગંદનામા ઉપર રજૂ થાય અને પરત ફરેલા ચેક અને બેન્કના પુરાવા રજૂ થાય ત્યારે ફરિયાદીનો કેસ પ્રસ્થાપિત થયેલો ગણવો જોઈશે અને તેને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૯ ના અનુમાનો લાગુ પાડવામાં આવશે. વધુમાં આરોપી અદાલતમાં હાજર થાય તો તુરંત બચાવનો પુરાવો લેવો જોઈશે અને જો આરોપી માંગણી કરે કે તેને ફરિયાદી કે તેના કોઈ સાક્ષી કે જેની સોગંદ ઉપરની જુબાની રેકર્ડમાં છે તેની ઉલટતપાસ કરવી છે અને તેગવી અરજી આપે તો જ તેવા ફરિયાદી કે સાહેદને ઉલટતપાસ માટે બોલાવવા જોઈશે તેવું સ્પષ્ટ ડાયરેક્શન આપેલ હોય તેથી તેનો અર્થ સ્પષ્ટ છે કે ફરિયાદીની તરફેણમાં રહેલા પ્રિઝ્યુમ્પશન આરોપીપક્ષે રીબર્ટ કર્યા તે પ્રથમ બતાવવાનું છે પછી ઓનસ ફરિયાદપક્ષ ઉપર શીફ્ટ થાય છે. પરંતુ હાલના કેસમાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થયા તેઓને કેસ પેપર્સની નકલો આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીની પ્લી નોંધવામાં આવેલ.

૧૧.૪ આમ, આ કેસનો નિર્ણય ફરિયાદીના ઉપરોક્ત એક માત્ર સાહેદની જુબાની અને તેઓની જુબાનીમાં રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા પર કરવાનો રહે છે અને હાલના કામે ફરિયાદીએ તેમનો કેસ પુરવાર કરવા

માટે તથા રજૂ કરેલ દસ્તાવેજોના સમર્થનમાં આંક–૪ થી પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે. તે સોગંદનામામાં તેઓ જણાવે છે કે, ફરિયાદીએ આરોપી પાસે નાણાની ઉઘરાણી કરતા તેઓએ ફરિયાદવાળો ચેક આપેલ અને આરોપીએ આંક–૭ થી રજૂ થયેલ તકરારી ચેક ઉપર સહી બાબત કોઇ તકરાર લીધેલી નથી. જેથી એવું માની શકાય છે કે, સદરહુ ચેક આરોપીએ પોતાની સહીથી ફરિયાદીને આપેલ. તેમજ ફરિયાદીએ તકરારી ચેક પરત આવેલાની જાણથી સમયમર્યાદામાં આરોપીને નોટીસ આપેલી જે સંદર્ભે આંક–૧૦ થી નોટીસ બજી ગયેલ હોવા બાબતનો પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેક રિપોર્ટ રજૂ કરેલ છે. જેથી આરોપીને નોટીસ મળી ગયેલ હોવાનું માની શકાય છે. તેમજ સદર નોટીસ બજી ગયેલ છે કે નહી તેની કોઇ તકરાર આરોપી ધ્વારા લેવામાં આવેલી નહી તેથી માની શકાય કે આરોપીને નોટીસ બજી ગયેલ હતી. તેમજ આવી નોટીસ બજેલ છતાં આરોપી ધ્વારા નોટીસનો કોઇ જવાબ આપવામાં આવેલ નહી, કે નોટીસનો કોઇ અમલ કરેલ નથી, જેથી ફરિયાદીએ તેમની કાયદેસરની બાકી નીકળતી લેણી રકમ આરોપીએ ચુકવેલ ન હોય હાલની ફરિયાદ સમયમર્યાદામાં દાખલ કરેલ હોય તેમ માની શકાય છે.

૧૧.૫ વધુમાં નામદાર એપેક્ષ કોર્ટે In case of Hiten P. Dalal vs. Bratindranath Banerjee reported in (2001) 6 SCC 16 considers the scope and ambit of Section 139 of the Act with its previous decision such as State of Madras vs. A. Vaidyanatha Iyer Dhanvantrai Balwantrai Desai vs State of Maharashtra 1964 AIR 575, 1963 SCR Supl. (1) 485 State of Madras vs Vaidyanath Iyer 1958 S.C.R. 580 and held that the presumption of S. 139 is mandatory in nature and it should be adhere until rebuttal. Court has no option other then to draw the presumption. આમ, હાલનો કેસ પણ ખાસ પ્રકારના કાયદાનો હોય અને તેમાં કેટલાંક પ્રિઝ્યુમ્પશનો આપેલા હોય અને તે રિબર્ટ કરવાનું

બર્ડન આરોપીપક્ષ ઉપર હોય ત્યારે મારૂ એવું માનવુ છે કે આવા કાયદામાં પ્રથમ આરોપીએ એ બતાવવાની ફરજ છે કે તેણે રજૂ કરેલા પુરાવા કે ફરિયાદપક્ષના સાહેદોની ઉલટતપાસથી તેણે કાયદાથી તેના ઉપર નાંખવામાં આવેલ બર્ડન રીબર્ટ કરેલ છે અને પછી ફરિયાદપક્ષે બતાવવું જોઇએ કે તેઓનો આવો અને આટલો પુરાવો છે જેથી આરોપી ઉપરનું બર્ડન રીબર્ટ થયેલ નથી અને તેના આધારે કેસનો નિર્ણય થવો જોઇએ. પરંતુ આરોપી ધ્વારા ઉપર જણાવેલ રજૂ થયેલ દસ્તાવેજો ઉપર કોઇ તકરાર લેવામાં આવે નથી કે તેના ઉપર કોઇ બચાવ કરવામાં આવેલ નથી. જેથી ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ, પ્રથમ દ્રષ્ટિએ કાનુની જરૂરિયાત મુજબ કાયદાની કલમ–૧૪૨(બી) સાથે વાંચતા કલમ–૧૩૮ હેઠળ દર્શાવ્યા મુજબના ગુનાના પુરાવા માટે જરૂરી છે, તેવી તમામ હકીકત ફરિયાદપક્ષ ધ્વારા પુરતા પ્રમાણમાં સાબિત કરવામાં આવી છે.

**૧૨..** આમ, હાલના કામે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઇ ખાસ ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી આરોપીપક્ષે હાલનો ફરિયાદવાળો ચેક ફરિયાદી પાસે કઇ રીતે આવેલા તેવું સાબિત કરેલ નથી. તેમજ હાલના કાયદા હેઠળના અનુમાનનું કોઇ ખંડન કરેલ નથી કે પોતાનો કોઇ ચોક્કસ બચાવ રજૂ રાખેલ નથી. તે સંજોગોમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવામાં સફળ નિવડેલ નથી તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

**૧૩..** વધુમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુનાના કેસમાં ફરિયાદીએ દાવાની જેમ લેણું પુરવાર કરવાનું હોતુ નથી. વધુમાં માત્ર ઉલટતપાસમાં શંકા ઉત્પન્ન કરવાથી કલમ–૧૩૯ નું ખંડન થઇ શકે નહી સબળ પુરાવાથી ખંડન કરવું પડે અને તે માટે આરોપીએ

વીટનેશ બોક્ષમાં આવવાની જરૂર નથી આરોપી ફરિયાદીના પુરાવા ઉપર આધાર રાખીને ઉલટતપાસ થકી સબળ પુરાવાથી સાબિત કરી શકે છે તે બાબત ધ્યાનમાં રાખી ઉક્ત પુરાવો ધ્યાને લેતાં આ કામે ફરિયાદી ધ્વારા તેઓની ફરિયાદ અનુસંધાને વચનચિઠ્ઠી, આરોપીના ખાતાનો ચેક, રિટર્ન મેમો તેમજ તે અનુસંધાને આપેલ નોટીસ રજૂ રાખેલ છે. તેમજ ફરિયાદી ધ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં હાલનો ફરિયાદવાળો ચેક આરોપી ધ્વારા ફરિયાદીને નાણા ન ચુકવતા ફરિયાદીએ લેણી રકમની ઉઘરાણી કરતા આરોપીએ આપેલાનું જણાવેલ છે પરંતુ આરોપીપક્ષ ફરિયાદીની ઉલટતપાસમાં તેવો કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી કે આરોપી ધ્વારા ફરિયાદીને ચેક આપવામાં આવેલ ન હોય. વધુમાં આરોપીપક્ષ ધ્વારા પોતાની દલીલમાં એવો બચાવ લેવામાં આવેલ છે કે, ''ફરિયાદીએ તો.દારને રૂા.૧,૮૦,૦૦૦/- આપેલા નથી. વાસ્તવમાં તો.દારે ફરિયાદી પાસેથી રૂા.૩૦,૦૦૦/- ની લોન લીધેલ છે અને ૬ થી ૭ હપ્તાઓ ભરેલ છે અને લોન લેતી વખતે બે કોરા ચેકો માંગેલા ફોર્મ ભરાવેલ સહીઓ કરાવેલ નથી એ જે બે ચેકો રૂા.૩૦,૦૦૦/- ની લોન લેવા અમે આપેલા સિક્યોરિટી પેટે તે ચેકનો ખોટો ઉપયોગ કરી વધુ વ્યાજ સાથે નાણા પડાવવા આ ખોટો કેસ કરેલ છે.'' જે અન્વયે સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો આ કામે આરોપીપક્ષ ધ્વારા એવો કોઈ જ લેખિત કે મૌખિક પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે ફરિયાદીએ આરોપીને રૂા.૩૦,૦૦૦/- ની લોન આપેલ અને તે અન્વયે આરોપીએ બે કોરા ચેક આપેલા. જેથી આરોપીનો સદર બચાવ ગ્રાહ્ય રાખી શકાય નહી. વધુમાં આરોપી ધ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, ''તો.દારે વચનચિઠ્ઠી લખી આપી હોય તો નાણા વસુલ કરવા તેમને દાવો કરવો જોઈએ નહી કે તેમને ૧૩૮ નો કેસ કરેલ છે'' જે અન્વયે ફરિયાદી પોતાની ફરિયાદ અને પુરાવાના સોગંદનામામાં જણાવે છે કે, તો.દારને તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/- રોકડા આપેલા

તથા તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ રૂા.૮૦,૦૦૦/– રોકડા જે કુલ રકમ રૂા.૧,૮૦,૦૦૦/– આપેલા અને જે તો.દારે ૧૨ માસમાં પરત આપવાનો વાયદો કરેલ અને જે નાણા લેતી વખતે તો.દારે ફરિયાદીને એક વચનચિઠ્ઠી તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ લખી આપેલી જે આંક–૬ થી રજૂ કરેલ છે. જે વચનચિઠ્ઠી અન્વયે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદી એ હકીકત કબુલ રાખેલ છે કે, વચનચિઠ્ઠી તેઓએ લખેલી અને આરોપીએ તે વાંચીને સહી કરેલી. આમ, સદર હાથઉછીના વ્યવહારના નાણા વસુલ મેળવવા ફરિયાદી ધ્વારા તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને નોટીસ પાઠવવામાં આવેલ જે તેઓને બજી ગયા બાદ જવાબ પણ આરોપી ધ્વારા આપવામાં આવેલ નથી કે સદર હાથઉછીની લીધેલ રકમ ફરિયાદીને ચુકવી આપેલ નથી. જેથી આરોપીનો સદર બચાવ પણ ગ્રાહ્ય રાખી શકાય નહી. તે સંજોગોમાં ફરિયાદી ધ્વારા તેમના ઉપર રહેલા પુરાવાના પ્રાથમિક બોજાનું વહન કરેલ છે તે સંજોગોમાં સદર પુરાવાનું તેમજ કાયદાકીય અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે જે પરિપૂર્ણ કરવામાં આરોપી સફળ રહેલ છે. તે સંજોગોમાં ફરિયાદી ધ્વારા તેમના ઉપર રહેલા પુરાવાનું પ્રાથમિક બોજાનું વહન કરેલ છે તે સંજોગોમાં સદર પુરાવાનું તેમજ કાયદાકીય અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે જે પરિપૂર્ણ કરવામાં આરોપી નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આરોપીપક્ષે હાલનો ફરિયાદવાળો ચેક તેમના ખાતાનો હોવા અંગે તેમજ ચેક ઉપરની સહી તેમની હોવા અંગે કોઈ ઈન્કાર કરેલ નથી કે ફરિયાદી સાથે નાણાકીય વ્યવહાર થયેલ ન હતો તેવો કોઈ બચાવ લીધેલ નથી. તે સંજોગોમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન થયેલ ના હોય ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું માનવાને કારણ રહે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરેલ છે તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

**૧૪..** આમ, ઉપરોક્ત ચર્ચાના અંતે એવું જણાય છે કે, આરોપીપક્ષ પોતાનો બચાવ સફર રીતે કરી શકેલ નથી કે ફરિયાદી તરફેના ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબના કાયદેસરના અનુમાનનું ખંડન થાય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવેલા નથી. વધુમાં **૨૦૧૦(૩) ક્રાઈમ્સ (એસ.સી.)૪૦, રંગપ્પા વિરૂધ્ધ શ્રી મોહન**ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે. તે સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ***Rohitbhai Jeevanlal Patel Vs. State of Gujarat & Anr. Criminal Appeal No. 508 of 2019*** **ના તા.૧૫/૦૩/૨૦૧૯** ના રોજના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, જ્યાંસુધી આરોપી પોતાનો બચાવ પુરવાર ન કરે ત્યાંસુધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ–૧૧૮ અને ૧૩૯ હેઠળના અનુમાનને લક્ષમાં રાખતા આરોપીએ ફક્ત શંકા ઉત્પન્ન કરવાથી પોતાની વિરૂધ્ધમાં રહેલ અનુમાનનું ખંડન કરવામાં સફળ થયેલ ગણી શકાય નહી. ઉપરોક્ત ચુકાદાનો ફકરા નંબર–૨૦ સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

*“ On perusing the order of the Trial Court, it is noticed that the Trial Court proceeded to pass the order of acquittal on the mere ground of 'creation of doubt'. We are of the considered view that the Trial Court appears to have proceeded on a misplaced assumption that by mere denial or mere creation of doubt, the appellant had successfully rebutted the presumption as envisaged by Section 139 of the NI Act. In the scheme of the NI Act, mere creation of doubt is not sufficient.”* હાલના કેસમાં આરોપીએ ફરિયાદીની તેમની પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરિયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે

જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવો કોઈ ખંડનાત્મક પુરાવો લાવેલા નથી. જેથી આરોપી પોતાનો ડિફેન્સ પુરવાર કરવા નિષ્ફળ ગયા હોય, તે સંજોગોમાં હાલની ફરિયાદ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮, કાયદેસરનું લેણુ રૂપિયા ૧,૮૦,૦૦૦/– મુજબ ટકવાપાત્ર છે. વધુમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૬ ને ધ્યાને લેતાં પણ આંક–૮ થી રજૂ થયેલ રીટર્ન મેમો પ્રાઈમરી પુરાવો હોય જેથી પણ આંક–૭ વાળો તકરારી ચેક અપુરતા ભંડોળના કારણે આરોપીના ખાતામાંથી વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું પુરવાર થાય છે. આરોપીએ આ કામે પોતાનો કોઈ બચાવ રજૂ કરેલ ન હોવાથી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદેસરના અનુમાનોનું ખંડન આ કામે આરોપીએ કરેલ નથી. જેથી પણ ફરિયાદીના લાભમાં તે અનુમાનો અત્રેની અદાલત ધ્વારા કરવાના રહે છે. આમ, આ કામે ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ આપેલ તકરારી ચેકની રકમ આરોપીએ ફરિયાદીને નહી ચુકવેલાની હકીકત પુરવાર થતી હોય આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની ફરિયાદીની ફરિયાદ હકીકત નિ:શંકપણે ફરિયાદીએ પુરવાર કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચા મુજબ આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. જેથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી **જગદિશભાઈ ભાઈલાલભાઈ રાણા,** રહે.સલુણ બજાર, રાણાચોક, ગોલવાડ, ખોડિયાર માતાના મંદિર પાછળ, નડિયાદ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) (ક્રિમિનલ

પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨)) અન્વયે સદર કામે તેમની સામે આક્ષેપાયેલ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપીને સજા બાબતે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯ મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**(મેહુલકુમાર મહેન્દ્રકુમાર ગાંધી)**
**પાંચમાં એડી. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ,**
**નડિયાદ.**
**જજ કોડ નં.૦૧૨૭૦**

**તા.૦૯/૦૬/૨૦૨૬**
**સ્થળ–નડિયાદ**

## :: સજા અંગે સાંભળ્યા બાદ હુકમ ::

**૧૫..** આ કામે આરોપીનો પોકાર કરતા તેઓ તથા તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ હોય, તેઓને સજા અંગે રજૂઆત કરવાનું કહેતા તેઓએ જણાવેલ છે કે, આરોપી ગરીબ વર્ગના હોય ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૧૬..** ફરિયાદપક્ષ તરફે ફરિયાદીના વિ.વ.શ્રીનાઓનો પોકાર કરાવતા તેઓશ્રીએ હાજર રહીને કોઈ જ રજૂઆત કરેલ નથી.

**૧૭..** આમ, ઉપરોક્ત દલીલો તથા રજૂઆત સાંભળી આ કામે ગુનાનો પ્રકાર તથા ફરિયાદપક્ષના રજૂ થયેલા પુરાવા ધ્યાનમાં લેતાં આરોપી વિરૂધ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. આજના સમયમાં આ પ્રકારના કેસો દિન–પ્રતિ–દિન વધી રહેલા છે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટનો મુળભુત હેતુ સમાજમાં નાણાકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનાને હળવાશથી લઈ શકાય તેમ નથી. આમ, આરોપીની રેકર્ડ ઉપરની હકીકતોને ધ્યાને લેતાં આરોપીને પ્રમાણસરની સજા કરવી ન્યાયોચિત જણાતી હોય અને તે રીતે સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ મારુ માનવું છે. જેથી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

૧.. આ કામના આરોપી **જગદિશભાઈ ભાઈલાલભાઈ રાણા,** રહે.સલુણ બજાર, રાણાચોક, ગોલવાડ, ખોડિયાર માતાના મંદિર પાછળ, નડિયાદ નાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુનામાં બી.એન.એસ.એસ.ની કલમ–

૨૭૮(૨) (ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨)) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

**૨..** બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫(૩) (ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદવાળા ચેકની રકમ આરોપીએ ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩૦ દિવસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

**૩..** આ હુકમની ખરી નકલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪(૧) (ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧)) અન્વયે આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૯ મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**(મેહુલકુમાર મહેન્દ્રકુમાર ગાંધી)**
**પાંચમાં એડી. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ,**
**નડિયાદ.**
**જજ કોડ નં.૦૧૨૭૦**

**તા.૦૯/૦૬/૨૦૨૬**
**સ્થળ–નડિયાદ**